ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના સિમાડે યુરોપના ૩૨ તબીબોનો "અશ્વિનૌ યજ્ઞ"

**ભારતીય પરિધાનમાં સજ્જ વિદેશીઓને યજ્ઞમાં આહુતિ આપતા નિહાળી સૌ કોઈ દંગ : ગ્લોબલ અગ્નિકર્મ સેન્ટરના ડો. અશ્વિન બારોટ આયોજિત સેમિનારમાં ભાગ લેવા પધારેલા તબીબોએ કેશવ આર્યગ્રામ ખાતે અશ્વિનીકુમાર મંદિરમાં યજ્ઞ કર્યો**



ગાંધીનગર, તા. ૯

આજે સવારથી ગાંધીનગરના સિમાડે રાંધેજા ચોકડી નજીક ખુશનુમા વાતાવરણમાં વિસ્તારમાં સમગ્ર વાતાવરણમાં દિવ્યતાની અનુભૂતિ થઈ રહી હતી. સંસ્કૃતમાં ઉચ્ચારણ થઈ રહેલા આ શ્લોકો સાંભળીને એટલું તો



ગ્રીકથી પધારેલા ડૉ. નિકોલસ કોસ્ટો પોલેસ એલોપેથીના તબીબ છે છતાં છેલ્લાં ૨૦ વર્ષથી આયુર્વેદની પ્રેકટીસ અને પ્રચાર પ્રસાર કરી રહ્યાં છે. તેઓ અગ્નિકર્મ ચિકિત્સા અન્ય તબીબોને શિખવાડે છે અને તેમના સંશોધનને લગતા વિડિયો યુ-ટ્યુબ પર ખૂબ પ્રસિદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે "હું અસ્થમા અંગે રિસર્ચ કરતો હતો અને પીએચડી કરવાનો હતો પરંતુ આયુર્વેદમાં મને કુદરતી ઉપચારની પદ્ધતિ શિખવા મળી જે રોગને કાયમી રીતે જડમૂળમાંથી મટાડી શકાય છે તે પછી મેં પીએચડી કરવાનું છોડી આયુર્વેદ શિખવાનું શરૂ કર્યું. આયુર્વેદ એ એવી વૈજ્ઞાનિક પદ્ધતિ છે જે રોગને વગર સાઈડ ઈફેક્ટે મટાડે છે તેથી આ પ્રાકૃતિક સારવાર પદ્ધતિ સૌથી શ્રેષ્ઠ છે તેવું હું માનું છું."



આર્યલેન્ડથી આવેલા ડૉ. કેમિલસ કેવિન પાવર ડબ્લન ખાતે યુનિવર્સિટી ગર્વમેન્ટ હોસ્પિટલના પેઈન ફેકલ્ટીના પૂર્વ. ડીન હોવા સાથે પેઈન સ્પેશિયાલિસ્ટ તરીકે ખ્યાતનામ છે. તેઓ અગ્નિકર્મ ચિકિત્સા પર સંશોધન કરવા સાથે વિદ્યાર્થીઓને તેની તાલીમ આપી રહ્યાં છે તેમણે જણાવ્યું હતુ કે "મેં ડૉ. અશ્વિન બારોટ પાસેથી ૩૦ વર્ષ પૂર્વે સ્ટડી ઈન ફિલોસોફી દરમ્યાન આયુર્વેદનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ ત્યારથી મને ભારતીય સંસ્કૃતિ અને તેની ચિકિત્સા પદ્ધતિઓમાં રસ પડ્યો હતો. આયુર્વેદ એવી કુદરતી ઉપચાર પદ્ધતિ છે જે આજના તણાવયુક્ત યુગમાં કેમિકલ રહિત સારવાર માટે શ્રેષ્ઠ ઉપયોગી છે, તેના થકી મને ઉત્તમ પરિણામો મળ્યાં છે."

વૈદિક સંસ્કૃતિના શ્લોકોનું સતત ઉચ્ચારણ થતુ સાંભળવા મળી રહ્યું હતુ જેના કારણે તે પ્રતિત થઈ જતુ હતુ કે આસપાસમાં ક્યાંક કોઈ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં બર્ફીલા પવન સાથે પારો ૭.૫ ડીગ્રી

**ગાંધીનગરમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી એક જ દિવસમાં ઠંડીનો પારો ૭ ડીગ્રી ગગડયો : નગરજનો ગરમ કપડામાં લપેટાયા : જનજીવન પર કોલ્ડવેવની ઘેરી અસર : સેકટરોની શેરીઓમાં સુનકાર : રાત્રિના પણ મુખ્યમાર્ગો પર સન્નાટો : શ્રમિકોની હાલત કફોડી : ચિલ્ડ વાતાવરણમાં વૃધ્ધો અને દર્દીઓની હાલત કફોડી**

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં આજે કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા શહેર કોલ્ડવેવના સંકજામાં આવી ગયુ હતુ. ઠંડીનો પારો ૭.૫ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. શિયાળાની સિઝનમાં આજનો દિવસ સિઝનનો સૌથી ઠંડો પુરવાર થયો હતો. એક જ દિવસમાં ઠંડીનો પારો ૭ ડીગ્રી ગગડતા નગરજનોએ કાતિલ ઠંડીનો અનુભવ કર્યો હતો. આકરી ઠંડીના લીધે નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. કાતિલ ઠંડી વચ્ચે પવનનુ પણ જોર વધુ હોવાથી ઠંડીની અસર બેવડાઈ હતી જયારે પવનના લીધે વાતાવરણ ચિલ્ડ બનતા ઠંડીની મોસમ વધુ અસહ્ય બની છે. આક્રમક બનતી ઠંડીના લીધે નગરના માર્ગો પર વહેલી સવારે તેમજ રાત્રિના સમયે સન્નાટો છવાયેલો જોવા મળે છે. સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં સુનકાર પ્રવર્તયો હતો. આકરી ઠંડીએ નગરને ગિરફતમા લેતા શ્રમિકોની હાલત પણ દયાજનક બની છે.

ગાંધીનગરમાં આ વર્ષે ઠંડીનો મિજાજ અલગ જોવા મળી રહ્યો છે. ઠંડીના પારાની વધઘટ વચ્ચે મોસમનો મિજાજ બદલાતો રહે છે શહેરમાં અત્યાર સુધી ઠંડીનો પારો ૯ ડીગ્રીથી નીચે ઉતર્યો ન હતો પણ આજે લઘુત્તમ તાપમાન એક સાથે સીધુ ૭ ડીગ્રી નીચે ઉતરી જતા સિઝનની રેકર્ડબ્રેક ઠંડી નોંધાઈ હતી. ઠંડીનો પારો ૭.૫ ડીગ્રી પહોંચી ગયો

● અનુસંધાન પાન-૭ પર



# સ્વચ્છતા સર્વેક્ષણ માટે કેન્દ્રની ટીમ ગાંધીનગર આવી પહોંચી

**આજે પ્રથમ દિવસે જ ૬ જેટલા સેક્ટરોમાં ફરી; ૧૫૦થી વધુ લોકોના ફિડબેક લીધા; હજુ ત્રણ દિવસ આખા શહેરમાં સ્વચ્છતા અંગે તપાસ કરશે; લેન્ડફિલ્ડ સાઈટ અને દસ્તાવેજોની પણ ચકાસણી ટીમ કરશે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં જેની રાહ જોવાતી હતી તે સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ આજે સવારે ગાંધીનગર આવી પહોંચી હતી અને તેણે તેની કામગીરીનો આજથી જ આરંભ કરી દીધો છે. હજુ ત્રણ દિવસ આ ટીમ ગાંધીનગરમાં રોકાશે અને સ્વચ્છતા અભિયાન અંગે સર્વે કરશે.

બે સભ્યોની બનેલી ટીમ આજે ગાંધીનગર આવી પહોંચી હતી. હજુ ટીમના કેટલાક સભ્યો કાલે ગાંધીનગર પહોંચે તેવી સંભાવનાઓ છે.

મળતી વિગતો પ્રમાણે સ્વચ્છતા સર્વેક્ષણના ફાયનલ પરીક્ષણ માટે આજે આવેલી ટીમે ૬ જેટલા વિવિધ સેકટરોની મુલાકાત લીધી હતી અને ૧૫૦થી પણ વધુ લોકોને મળી તેમની પાસેથી ફિડબેક સ્વચ્છતા સંદર્ભે લીધો હતો. ટીમના સભ્યોને ઓનલાઈન લોકેશન આપવામાં છે ત્યાં જઈ તેઓ વ્યક્તીઓને મળી અને ફિડબેક લઈ તેમની તપાસ આગળ ધપાવી રહ્યા છે.

ગાંધીનગર આવી પહોંચેલી ટીમની જાણ મનપાના તંત્રને થતાં જ તંત્ર પણ હરકતમાં આવી ગયુ હતુ. મળતી વિગતો પ્રમાણે ટીમે આજે સેક્ટર-૧૯, ૨૦, પાલજ ઉપરાંત પથિકાશ્રમ નજીકના વિસ્તારોની મુલાકાત લીધી હતી.

ટીમે તેના સર્વેક્ષણમાં શહેરમાં આંતરિક સફાઈને અગ્રતા આપી છે અને એટલે જ કેટલીક

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ડેપોને ઈલેક્ટ્રીક બસો ફાળવવા માટે રીટેન્ડરીંગ કરાશે

**ડેપો સંકુલમાં ચાર્જીગ સેન્ટર કાર્યરત કરવા પણ ૨ કરોડ ખર્ચાશે : હાઇટેન્શન લાઇન લેવા માટે અંદાજો તૈયાર**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર એસ ટી ડેપોમાં બેટરી સંચાલિત બસો ફાળવવા લાંબા સમયથી નિર્ણય લેવાયો છે. પરંતુ હજુ સુધી આ બસો ફાળવવામાં આવી નથી જો કે ડેપો સંકુલમાં આ મામલે આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા માટે પ્રક્રીયા હાથ ધરી દેવામાં આવી છે. ડેપોને અંદાજિત ૫૦ નવી ઈલેક્ટ્રીક બસો ફાળવવાની જાહેરાત અગાઉ વાહનવ્યવહાર મંત્રીએ કરી હતી. જયારે આ માટે અગાઉ હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયા દરમિયાન પણ એક જ ટેન્ડર ઈન્વાઈટ થતા હવે ટેન્ડર પ્રક્રીયા પણ ફરી હાથ ધરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામત સવારીનો લાભ લેવા માટે મુસાફરોની સંખ્યા વિશેષ રહે છે. જયારે પ્રતિદિન ૧૦૪ જેટલી એસ ટી બસો શહેરી બસ સેવાને અનુલક્ષીને દોડે છે. જેના આધારે ડેપોને રોજ અંદાજિત રૂ ૫.૫૦ લાખની આવક થાય છે. જયારે એસ ટી ડેપોમાં મોટાભાગની બસોની સ્થિતિ યોગ્ય છે. જયારે હાલમાં કીલોમીટર પુરા થઈ ગયા હોય તેવી એક પણ બસ ન હોવાનુ પણ ડેપો મેનેજર જણાંવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# મામલતદાર સુનિલ રાવલે ગાંધીનગરના સે. ૨૧માં બનાવટી ગ્રાહક બની પ્લાસ્ટીકના પતંગ પકડ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના મામલતદાર સુનિલ રાવલ આજે બનાવટી ગ્રાહક બની સે. ૨૧માં પહોંચ્યા હતા અને તેમણે પ્લાસ્ટીક બનાવટના પતંગોનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો.

જિલ્લા કલેક્ટરે ચાઈનીઝ દોરી અને પ્લાસ્ટીકના પતંગોના વેચાણ પર લાદેલા પ્રતિબંધ પછી પણ તેમને મળેલ ફરિયાદોને પગલે આજે ગાંધીનગર અને પેથાપુરમાં તપાસ કરવા માટે મામલતદારને સૂચના આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## સ્મરણાંજલિ

"સ્મરણો ભીંજવે હૈયુ..ને.. મહેકી ઉઠો આપ અમ અંતરમાં..."



MINAXI GROUP
Your Trust is Our Strength



સ્વ. શ્રીમતી મીનાક્ષીબેન વ્યાસ
સ્વ. તા. ૧૨.૦૧.૧૯૮૦

સ્વ. શ્રી જદુરાય વ્યાસ
સ્વ. તા. ૧૦.૦૧.૧૯૮૦

કુ. દેવાંશી નિશિત વ્યાસ | નિશિત જદુરાય વ્યાસ
હરિવંશ નિશિત વ્યાસ | ઈશાની નિશિત વ્યાસ
મીનાક્ષી પરિવાર

PARAM

મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ, 'મીનાક્ષી', ૩૮૧, સેક્ટર-૧૬, ગાંધીનગર.

# ગાંધીનગરમાં વર્ષના પ્રથમ ચંદ્રગ્રહણનો નજારો જોવા મળશે

**આગામી ૧૦મી જાન્યુઆરીએ સેન્ટ્રલ વિસ્ટામાં ચંદ્રગ્રહણ નિહાળવા ખાસ વ્યવસ્થા ગોઠવાઈ**

ગાંધીનગર

વર્ષ ૨૦૨૦નું પહેલું ચંદ્રગ્રહણ ૧૦ જાન્યુઆરીએ રાત્રે ૯:૩૦ વાગ્યે જોવા મળશે. ચંદ્રગ્રહણ ૯૦ ટકા જેટલું દેખાશે. જ્યારે ગુજરાતમાં ૧૨:૩૦ વાગ્યાની આસપાસ સંપૂર્ણ ચંદ્રગ્રહણ દેખાશે. જેને લઈને ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ ટેકનોલોજી વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ ચંદ્રગ્રહણ નિહાળી શકે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે આ વ્યવસ્થા કરાઈ છે.

દુનિયામાં કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૭ વખત અને ઓછામાં ઓછી ૨ વખત ખગોળીય ઘટનાઓ બને છે. અમાસના દિવસે સૂર્યગ્રહણ થાય છે. જ્યારે પૂનમના દિવસે ચંદ્રગ્રહણ જોવા મળે છે. વર્ષ ૨૦૨૦નાં પ્રથમ ૧૦ દિવસમાં જ દેશવાસીઓને ચંદ્ર ગ્રહણ જોવા મળશે. ૧૦ જાન્યુઆરીએ રાત્રે ૯:૩૦ વાગ્યાથી સવારના ૨:૩૦ વાગ્યા દરમિયાન નાગરિકો પોતાની અગાસીમાંથી કે ખુલ્લા આકાશ નીચેથી નરી આંખે ચંદ્રગ્રહણને નિહાળી શકશે.ગુજરાત સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના મેમ્બર સેક્રેટરી ડૉ. નરોત્તમ સાહુએ કહ્યું કે, નવું શરૂ થયેલા વર્ષ ૨૦૨૦માં ૧૦ જાન્યુઆરીની રાત્રીએ ચંદ્ર ગ્રહણ જોવા મળશે. અમદાવાદમાં સાયન્સ સીટી, ગાંધીનગરમાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સહિત જિલ્લા કક્ષાએ નાગરિકો આ ચંદ્રગ્રહણ નિહાળી શકે તે માટેની વ્યવસ્થા કરાઈ છે. ટેલિસ્કોપ દ્વારા ચંદ્રગ્રહણ જોવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. સૂર્ય ગ્રહણ જોવા માટે ડાર્ક ફિલ્મ ચશ્માનો ઉપયોગ કરવો પડે તે રીતે ચંદ્ર ગ્રહણ જોવા માટે ઉપયોગ કરવો જરૂરી નથી.શુક્રવારે દેખાશે ૨૦૨૦નું પ્રથમ ચંદ્રગ્રહણ, વર્ષમાં આટલી વખત સર્જાઈ છે ખગોળીય ઘટના !ચંદ્રગ્રહણ પૂનમના દિવસે થતું હોવાને કારણે ઠંડી રાત હોય છે. જ્યારે સૂર્ય ગ્રહણ તેનાં કિરણો નુકસાન પહોંચાડી શકે છે. વર્ષ ૨૦૨૦માં ચંદ્રગ્રહણ ૧૦ જાન્યુઆરી, ૫ જૂન, ૫ જુલાઈ અને ૩૦ નવેમ્બરના રોજ જોવા મળશે. જ્યારે સૂર્ય ગ્રહણ ૨૧ જૂન એટલે કે વિશ્વ યોગ દિવસ અને ૧૪ ડિસેમ્બરના રોજ જોવા મળશે એક વર્ષમાં વધુમાં વધુ સાત વખત આ પ્રકારની ઘટનાઓ બનતી હોય છે, જેમાં સૌથી વધારે ચંદ્રગ્રહણ જોવા મળે છે.

# સરીતા - ચરેડી હેડ વર્કસની ચાર દાયકા જુની ટાંકી અને મશીનરીનો સર્વે કરાશે

**દાયકાઓ જુની પાણીની ટાંકી ભયજનક છે કે નહી તેનો પણ તાગ મેળવાશે : વારંવાર ખોટવાતી મશીનરીનો પણ અંદાજ આવશે**

ગાંધીનગર તા ૯

ચરેડી સરીતા વોટર વર્કસની મશીનરી તેમજ લાખો લીટર પાણીની ક્ષમતા ધરાવતી ટાંકીઓનો અભ્યાસ કરાશે ચાર દાયકા જુની આ ટાંકીઓ સલામત છે કે કેમ તે અંગે જાણકારી મેળવવા પણ અભ્યાસ કરાશે જયારે વારંવાર ખોટવાતી મશીનરી અંગે પણ યોગ્ય સર્વે કરી જરૂરી આયોજન કરાશે કોર્પોરેશન દ્વારા શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવાની યોજના અન્વયે મશીનરી સહીતનુ નવીન માળખુ તૈયાર કરવા પણ વિચારણા કરવામાં આવી છે. પરંતુ હાલની સ્થિતિએ આ બન્ને હેડ વર્કસની મશીનરી અને ટાંકીઓની સ્થિતિ ચકાસવા માટે સર્વે કરાશે

ચરેડી તેમજ સરીતા વોટર હેડવર્કસની મશીનરી દાયકાઓ જુની છે. જયારે આ સ્થળે લાખો લીટર પાણીની ક્ષમતા ધરાવતી પાણીની ટાંકીઓ પણ જુની છે. જેના લીધે આ ઓવરહેડ અને અન્ડર ગ્રાઉન્ડ ટાંકી સહીત મશીનરી અંગે યોગ્ય સર્વે હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. ચરેડી તેમજ સરીતા ઉદ્યાનની આ વ્યવસ્થાના આધારે શહેરના સેકટરોમાં પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. જયારે શહેરના સે-૫ માં પણ એક દાયકા પુર્વે નવી ટાંકી તેમજ અન્ડર ગ્રાઉન્ડ સંપનુ નિર્માણ કરાયુ હતુ. હાલ સમગ્ર શહેરમાં સવારે એક જ સમયે કોમન સપ્લાય આપવામાં આવે છે. જયારે અગાઉ સવારે તેમજ સાંજે તેમ જુદા જુદા સમયે પાણી સપ્લાય કરવામાં આવતુ હતુ. જયારે સે-૫ માં નવીન ટાંકીના નિર્માણ તેમજ નવા સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરાયા બાદ સમગ્ર શહેરમાં કોમન સપ્લાય આપવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

**સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.**

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com